ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત..!
મંગળવાર ૧૬ જુલાઈ, ૨૦૨૪

**કુડસદને ઓલપાડ તાલુકામાં સમાવી લેવામાં આવ્યો હોવાથી ગામ લોકોને એ માટેનો આજેય રંજ છે, દેશ આઝાદ થયા બાદ વર્ષ-1951માં પંચાયતી રાજ આવતાં રામુરાવ કેશવરાવ જાદવ ગામના પ્રથમ સરપંચ બન્યા હતા**

ટાઉન ટોક

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકા મથકથી આશરે 24 કિલોમીટર દૂર આવેલા અને દેશ આઝાદ થયો એ પહેલાં કુડસદ તાલુકો હતો. ગામમાં પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી પણ હતી. પરંતુ દેશ આઝાદ થયા બાદ કુડસદને ઓલપાડ તાલુકામાં સમાવી લેવામાં આવ્યો હોવાથી ગામ લોકોને એ માટેનો રંજ છે. આ ગામમાં દેશ આઝાદ થયા બાદ વર્ષ-1951માં પંચાયતી રાજ આવતાં ગામના પ્રથમ સરપંચ તરીકે રામુરાવ કેશવરાવ જાદવ હતા. આ ગામમાં વર્ષો અગાઉ ત્રણ મરાઠી પરિવાર રહેતા હતા અને આજે પણ તેમનો પરિવાર ગામમાં જ રહે છે અને ગામ લોકો હામાં હા રાખીને રહે છે. આ ગામમાં સહકારી રાજકારણમાં પણ આગવું સ્થાન નામ ધરાવે છે. ગામના કુલ કુટુંબોની સંખ્યા 2150 છે, જેમાં મહિલા 3891 અને જ્યારે પુરુષ 5516 સાથે કુલ સંખ્યા 9407 છે. તો અનુસૂચિત જાતિની કુલ વસતી 173 અને અનુસૂચિત જનજાતિની વસતી 1299 છે. ગામનો સાક્ષરતા દર 79.35 ટકા છે. આ ગામમાં કુલ ખેડૂત 3949 અને ખેતમજૂર 307 છે. ગામના લોકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે, જેમાં ગામમાં પશુઓમાં ગાય, ભેંસ તેમજ ઘેટાં મળીને કુલ 1141 પશુ છે.



## દેશ આઝાદ થયો એ પહેલાં અલગ તાલુકાનો દરજ્જો ધરાવતો અને હાલ ઓલપાડ તાલુકામાં સમાવેશ ગામ એટલે

# કુડસદ

## સહકારી રાજકારણમાં પણ કુડસદ ગામનું આગવું સ્થાન, ગામના કુલ કુટુંબોની સંખ્યા 2150 અને કુલ વસતી 9407 છે, ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન

### કુડસદ ગામમાં આવેલું રણછોડરાય મંદિર મીની ડાકોર તરીકે ઓળખાય છે




કુડસદ ગામમાં આવેલા રણછોડરાય મંદિરનો પર એક અનેરો મહિમા છે. જે મંદિરને મીની ડાકોર તરીકે પણ લોકો ઓળખે છે.આ મંદિર વિશે ગામના લોકોએ જણાવ્યું હતું કે, આશરે 200 વર્ષ અગાઉ વણઝારા લોકો ગામમાં જે જગ્યાએ હાલમાં મંદિર છે તેની બાજુમાં કૂવાનું ખોદકામ કરવા માટે આવ્યા હતા. સાથે રણછોડરાયની મૂર્તિ પણ લાવ્યા હતા. કૂવાનું ખોદકામ પૂર્ણ થઈ જતાં લોકો બીજી જગ્યા જવાના હોવાથી જે જગ્યાએ રણછોડરાયની મૂર્તિ મૂકવામાં આવી હતી તે જગ્યાએથી મૂર્તિ સવારે ન વણઝારા લોકોથી ન ઊંચકાતા ભગવાન રણછોડરાયની આ ગામમાં રહેવાની ઈચ્છા હશે તેમ કહીને મૂર્તિ ત્યાં જ મૂકીને જતા રહ્યા હતા. બાદમાં ગામના લોકોએ ત્યાં મંદિર બનાવી દીધું હતું. જે મંદિરનો ચાર વાર જીર્ણોધ્ધાર પણ કરવામાં આવ્યો હતો. જે મંદિરને બાદમાં મીની ડાકોર તરીકે હાલમાં ઓળખવામાં આવે છે. દર પૂનમના દિવસે મંદિરે માનવ મહેરામણ ભગવાન રણછોડરાયના દર્શન કરવા માટે ઊમટી પડે છે. આ મંદિર વિશે એમ પણ કહેવાય છે કે, જે મહિલાને સંતાન ન થતાં હોય તે મનોકામના રાખવામાં આવે છે તેની મનોકામના રણછોડરાય પૂર્ણ કરે છે. દર પૂનમે પ્રસાદીનું આયોજન પણ કરવામાં આવે છે. જે પ્રસાદીના દાતાઓનું 2028 સુધીનું બુકિંગ થઈ ચૂક્યું છે. પોષ સુદ પૂનમે 10000થી 12000 લોકો મંદિર દર્શન કરવા માટે આવે છે. ત્યારે મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવે છે. રાત્રિના ડાયરો પણ રાખવામાં આવે છે. આ પૂનમ દિવસે ડો.સંદીપ પટેલ જે પોતે આયુર્વેદિક ડોક્ટર છે, જે નિ:શુલ્ક સેવા વર્ષોથી આપે છે. મંદિરનું ગામ લોકોએ ટ્રસ્ટ પણ બનાવવામાં આવ્યું છે. જે મંદિરની ટ્રસ્ટની 50 વીઘાથી વધુ જમીન પણ છે.

### નીલકંઠ મહાદેવનું મંદિર



કુડસદ ગામની વચ્ચોવચ નીલકંઠ મહાદેવનું મંદિર આવેલું છે. ગામની વચ્ચે શિવ મંદિરો ઘણાં ઓછાં હોય છે. જેમાંનું આ એક નીલકંઠ મહાદેવ મંદિર છે. જે મંદિર વિશે ગામના લોકોએ જણાવ્યું હતું કે, ગામમાં એક બ્રાહ્મણ પરિવાર રહેતો હતો. જે ઘરમાં જીવીમા રહેતા હતા. તેમને રાત્રે સપનું આવ્યું કે ઘરમાં શિવલિંગ છે. આ વાત ગામના લોકોને કરતાં ગામ લોકો દ્વારા ખોદકામ કરવામાં આવતાં ઘરમાંથી સ્વયંભૂ શિવલિંગ નીકળતાં જીવીમાએ ઘર મંદિર માટે આપી દીધું અને બીજા ઘરમાં રહેવા જતા રહ્યા હતા. આ ઘર તોડીને નીલકંઠ મહાદેવ મંદિરની સ્થાપના ગામ લોકો કરવામાં આવી હતી. મંદિરમાં ત્રણ દાદર ઊતરીને શિવલિંગનાં દર્શન કરવા જવું પડે છે.

### ગામમાં બે પ્રાથમિક શાળા થકી મળે છે બાળકોને શિક્ષણ



આ ગામમાં સુરત જિલ્લા પંચાયત સંચાલિત બે પ્રાથમિક શાળા આવેલી છે, જેમાં એક પ્રાથમિક શાળામાં ધો.1થી 8 સુધીનાં 302 બાળક અભ્યાસ કરે છે. જ્યારે બીજી ધો.1થી 5ની શાળામાં કુલ 79 બાળક અભ્યાસ કરે છે. ગામમાં પાદર પર ક્રિકેટ ગ્રાઉન્ડની સામે પણ જિલ્લા પંચાયત સંચાલિત શાળા બનાવવામાં આવી હતી. પરંતુ એ શાળા ગામની બહાર આવેલી છે. જ્યાં અગાઉનાં વર્ષોમાં પાણી ભરાઈ જતાં હોવાથી શાળામાં બાળકો અભ્યાસ કરવા માટે આવતાં ન હતાં. જેને લઈ એ શાળા આજે ખંડેર હાલતમાં છે, જેમાં કોઈ બાળક અભ્યાસ કરવામાં આવ્યું જ ન હતું.

### બસ સ્ટેન્ડ છે, પરંતુ બસ આવતી નથી



રાજ્ય સરકાર દ્વારા ગામના લોકો અવરજવરની સુવિધા માટે એસ.ટી. બસો મૂકવામાં આવી છે. એ માટે ગામેગામ બસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યાં છે. જો કે, કુડસદ ગામમાં બસ સ્ટેન્ડ તો બન્યું પણ ગામમાં એસ.ટી. બસ આવતી જ નથી.

### બેચરભાઈ પટેલ ગામનું ગૌરવ



ગામમાં રહેતા બેચરભાઈ મગનભાઈ પટેલસુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંકની મુખ્ય શાખામાં મેનેજર તરીકે રહ્યા હતા. કુડસદ સેવા સહકારી મંડળીના સ્થાપક પ્રમુખ હતા. હાલમાં કીમ ખાતે આવેલી પી.કે.દેસાઈ શાળાના અને કીમ સાધના હોસ્પિટલના હાલમાં ડિરેક્ટર પદે છે.

### ગામમાં ચાર મંડળો દ્વારા વિવિધ પ્રવૃત્તિ થાય છે

ગામમાં ચાર મંડળોમાં યુવકમંડળ, મહિલામંડળ, બાળમંડળ, સંયુક્તમંડળ ચાલે છે. જે તમામ મંડળો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે દર મંગળવારે સભા, વ્યસનમુક્તિ, જોળી પર્વ, અન્નકૂટ, સંત સભાઓ યોજાય છે. જેને લઈ ગામમાં ભક્તિમય વાતાવરણ રહે છે.

### ગામના મુસ્લિમ પરિવારની પુત્રી લંડનમાં મેયર તરીકે કાર્યરત

ગામમાં રહેતા મુસ્લિમ પરિવારના એક રફીકભાઈ મુસ્તફાભાઈ ગરાસીયાની પુત્રી ઉમેરા જે હાલમાં લંડનમાં મેયર તરીકે કાર્યરત છે.

### પ્રધાનમંત્રી આવાસની સુવિધા

આ ગામમાં ઓલપાડ તાલુકાના સૌથી વધુ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 250થી મકાનો બનાવવામાં આવ્યાં છે.

### ગ્રામ પંચાયતની યાદી

- **સરપંચ-** યોગેશભાઈ દિનેશભાઈ લીંબાચીયા
- **ડે.સરપંચ-** મેહબુબભાઈ ઈસ્માઈલભાઈ ડાભી
- **સભ્યો-** પદ્માબેન મેહુલભાઈ રાઠોડ
- પૂનમબેન મનીષભાઈ મોદી
- અંકિતકુમાર રાજુભાઈ પટેલ
- કિશનકુમાર રાજેન્દ્રભાઈ પટેલ
- ભાવિકકુમાર નલીનભાઈ પટેલ
- શહેનાઝબીબી મેહમુદ ડાભી
- ધનસુખભાઈ લાલજીભાઈ સુરતી
- રેણુકા શ્રીનિવાસ ગટુ
- આશાદેવી મહેન્દ્રગીરી
- રૂપા બબલુ વિશ્વાસ
- રાખીદેવી વિક્રમસિંહ
- છોટેલાલ રામમુરત યાદવ

### પંચાયતી રાજ આવ્યા બાદના ગામના તમામ સરપંચોની યાદી

- 1951-56- રામુભાઈ કે.જાદવ
- 1956-57- મગનભાઈ જી.પટેલ
- 1957-57- ભગુભાઈ એચ.પટેલ
- 1957-57- નુરભાઈ આર.વશી
- 1957-58- ભગુભાઈ એચ.પટેલ
- 1958-58- મગનભાઈ જી.પટેલ
- 1958-1964- દુલર્ભભાઈ ડી.પટેલ
- 1964-64- ખુશાલભાઈ એમ.પટેલ
- 1964-65- રમણભાઈ એમ.પટેલ
- 1965-70- દુર્લભભાઈ ડી.પટેલ
- 1970-75- ડાહ્યાભાઈ એમ.પટેલ
- 1976-81- ઠાકોરભાઈ બી.પટેલ
- 1982-82- ચંદ્રવદન આર.પટેલ
- 1982-85- દુલર્ભભાઈ ડી.પટેલ
- 1985-90- નાનુભાઈ એફ.વસાવા
- 1990-95- સન્મુખભાઈ આર.પટેલ
- 1995-2000- સન્મુખભાઈ આર.પટેલ
- 2002-2007- ભીખાભાઈ બી.રાઠોડ
- 2007-2012- અરવિંદભાઈ એન.પટેલ
- 2012-17- સન્મુખભાઈ આર.પટેલ
- 2017-21- શહેનાઝબીબી મેહમુદ ડાભી
- 2021થી- યોગેશભાઈ ડી.લીંબાચીયા

### ગામમાં ત્રણ સ્વતંત્રતાસેનાની હતા

દેશની આઝાદી અપાવવા યુવાનોનું ઘણું યોગદાન છે. એ સમય સુરતના સ્વાતંત્ર્યસેનાનીઓએ પણ અંગ્રેજો સામે વિરોધનું બ્યૂગલ ફૂંક્યું હતું. કુદસદ ગામ પણ આઝાદીના રંગમાં રંગાયું હતું. ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો તે વખતે થતા હતા. દેશ કાજે પ્રાણ અર્પણ કરવા પડે તો ભલે પણ આઝાદી તો લઈને જ જંપીશું એવા સિદ્ધાંત સાથે કુડસદ ગામના યુવાનોએ પણ ઝંપલાવ્યું હતું. કુડસદ ગામમાં ત્રણ સ્વતંત્રતાસેનાની ત્રિભુવનભાઈ શિવલાલ પટેલ, નારણરાવ કેશવરાવ જાદવ અને રણછોડભાઈ ધુળાભાઈ પટેલ હતા. જેમને આજે પણ અહીંના લોકો યાદ કરે છે.